દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ

બુધવાર ૩ જુલાઈ, ૨૦૨૪

ફ્રાન્સના ચૂંટણી પરિણામો ઉદાર મતવાદીઓ માટે ચિંતાનો વિષય

ફ્રાન્સની સંસદીય ચૂંટણીના પ્રથમ રાઉન્ડના પરિણામો જાહેર થતાં તેમાં અતિ જમણેરી વાદી લી પેનનો નેશનલ રેલી(આરએન) પક્ષ વિજયી બન્યો છે અને મેક્રોનનું સેન્ટ્રિસ્ટ એલાયન્સ ગઠબંધન ત્રીજા સ્થાને ધકેલાઇ ગયું છે અને ડાબેરી મોરચો ન્યુ પોપ્યુલર એલાયન્સ બીજા સ્થાને રહ્યો છે. ફ્રેન્ચ રિપબ્લિકની 17મી નેશનલ એસેમ્બલીના તમામ 577 સભ્યોને પસંદ કરવા માટે ફ્રાન્સમાં 30 જૂન 2024ના રોજ પ્રારંભિક સસદીય ચૂંટણી યોજાઈ હતી, જેમાં બીજો રાઉન્ડ 7 જુલાઈએ યોજાશે. આ ચૂંટણી રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન દ્વારા નેશનલ એસેમ્બલીના વિસર્જનને અનુસરે છે, જેમણે ફ્રાન્સમાં 2024ની યુરોપીયન સંસદની ચૂંટણી પછી ત્વરિત ચૂંટણી યોજવાનું નક્કી કર્યું હતું. આ ચૂંટણીમાં અતિ જમણેરી રાષ્ટ્રવાદી પક્ષ આરએનને પ્રથમ રાઉન્ડમાં બહુમતિ મળતા ફક્ત ફ્રાન્સમાં જ નહીં પણ વિશ્વભરમાં ઉદાર મતવાદીઓમાં ચિંતાઓ સર્જાઇ છે.

આરએનને 33 ટકા, ડાબેરીઓને ૨૮ ટકા અને સેન્ટ્રિસ્ટ એલાયન્સને માત્ર ૨૦ ટકા મત મળ્યા હતા. પ્રથમ રાઉન્ડના પરિણામો પછી પેરિસના રસ્તાઓ અને શેરીઓમાં ડાબેરીવાદીઓએ તોફાનો શરૂ કરી દીધા હતા. તેમણે કચરો બાળ્યો હતો, દુકાનોના કાચ તોડ્યા હતા અને ફટાકડાઓ પણ ફોડ્યા હતા! ફ્રાન્સ આમ પણ છેલ્લા કેટલાક સમયથી વિવિધ કારણોસર થતા તોફાનોને કારણે કુખ્યાત બની ગયું છે. કોરોના રોગચાળા પહેલા અહીં મહિનાઓ સુધી ચલો વેસ્ટ નામના તોફાનો ચાલ્યા જેમાં ખાસ તો આર્થિક કારણો જવાબદાર હતા. સરકારની આર્થિક નીતિઓ સામે સમાજના નબળા વર્ગનો રોષ તેમાં ખાસ જવાબદાર હતો. રોગચાળા પછી મેક્રોનના પેન્શન સુધારાઓના વિરોધમાં તોફાનો ચાલ્યા. હવે ચૂંટણી પરિણામ આવ્યા બાદ તોફાનો થયા છે જેમાં ડાબેરીઓએ તોફાનો કર્યા છે જેઓ સત્તા પર કબજો જમાવવાની આશા રાખતા હતા. મેક્રોનના ગઠબંધનના લોકો શાંત રહ્યા છે જે ગઠબંધન ત્રીજે સ્થાને ધકેલાઇ ગયું છે. આ તોફાનો એ પણ દર્શાવી આપે છે કે વિશ્વની, પશ્ચિમી દેશોની લોકશાહીઓમાં પણ ચૂંટણી પરિણામો પછી પણ તોફાનો થઇ શકે છે. અગાઉ અમેરિકામાં ટ્રમ્પના પરાજય વખતે અને બ્રાઝિલમાં જૈર બોલસોનારોના પરાજય વખતે આવા તોફાનો થઇ ચુક્યા છે. જો કે તે તોફાનો અને ફ્રાન્સના તોફાનોમાં થોડો ફેર એ છે કે ફ્રાન્સના આ તોફાનો હારેલા શાસક પક્ષના સભ્યોએ કે ટેકેદારોએ કર્યા નથી પણ ડાબેરીઓના ટેકેદારોએ કર્યા છે. ફ્રાન્સમાં હાલના આર્થિક કારણોસર નબળા વર્ગો, કામદાર વર્ગોનો ઝોક ડાબેરીઓ તરફ હોય તે સ્વાભાવિક છે અને તેમનો રોષ આ તોફાનોમાં વ્યક્ત થયો છે.

જો કે ફ્રાન્સમાં હજી ચૂંટણી પરિણામો પુરા સ્પષ્ટ થયા નથી. હજી મતદાનનો બીજો રાઉન્ડ બાકી છે જે આવતા રવિવારે યોજાશે. આગામી રવિવારે બીજા રાઉન્ડમાં લી પેનનો આરએન પક્ષ સંપૂર્ણ બહુમતિની આશા રાખે છે અને તેને બહુમતિ મળી જાય પછી વડાપ્રધાન ગેબ્રિયલ એટ્ટેલે રાજીનામુ આપવું પડશે. જો કે મેક્રોન મુદ્દત પુરી થતા સુધી ચાલુ રહી શકે છે પરંતુ તેઓ પોતાની મરજી પ્રમાણે નિર્ણયો નહીં લઇ શકે. બીજા વિશ્વ યુદ્ધ વખતે નાઝી જર્મનીના કબજા પછી પ્રથમ વખત ફ્રાન્સમાં અતિ જમણેરીવાદીઓ શાસન પર કબજો જમાવવા જઇ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ફ્રાન્સની ચૂંટણીમાં આ વખતે અતિજમણેરીવાદીઓ જીતશે એવા સંકેતો અગાઉથી જ મળી રહ્યા હતા અને પ્રથમ રાઉન્ડના પરિણામો તે મુજબ જ આવ્યા છે. ફ્રાન્સમાં એક રાઉન્ડનું પરિણામ આવી ગયા બાદ બીજા રાઉન્ડનું મતદાન યોજી શકાય છે જે મતદાન આવતા રવિવારે થશે. અને તેમાં પણ લી પેનનો આરએન પક્ષ જ જીતે એવી શક્યતાઓ જોવાઇ રહી છે. ફ્રેન્ચ લોકો પોતાને વૈશ્વિકરણમાં બાજુએ ધકેલાઇ ગયા હોવાનું અનુભવી રહ્યા છે અને આથી અતિ જમણેરી રાષ્ટ્રવાદીઓ તરફ પ્રજાનો ઝોક ઢળ્યો હોય તેમ માનવામાં આવે છે. વળી, શરણાર્થીઓ જેવા મુદ્દે પ્રજાના કેટલાક વર્ગોનો રોષ પણ તેમને અતિજમણેરીવાદીઓની પસંદગી કરવા પ્રેરી ગયો છે. અને આ અતિજમણેરીવાદીઓની ફ્રાન્સમા આગેકૂચથી ઉદારમતવાદી છાવણીમાં ચિંતાની લહેર ફેલાઇ છે.

સૂર શીખવવા માટે

એક પ્રખ્યાત વાયોલિનવાદક ત્રણ વર્ષ લાંબા અંતરાળ બાદ પોતાના ઘરે આવ્યા ત્યારે તેનો પુત્ર ત્રણ વર્ષમાં દસ વર્ષના બાળકમાંથી તેર વર્ષનો કિશોર બની ગયો હતો.ઘણો બદલાવ આવી ગયો હતો તેનામાં.વાયોલિનવાદક પિતા પોતાના પુત્રને તેને વાયોલીન શીખવવા ઇચ્છતા હતા.તેમના મનમાં ઘણી અપેક્ષાઓ અને સપનાં હતાં પોતાના એકના એક દીકરા માટે પણ તેઓ કોઈ જબરદસ્તી કે જોર જુલમથી પોતાના દીકરાને સંગીતના રસ્તે વાળવા માંગતા ન હતા.સૌ પ્રથમ તેઓ પોતાના પુત્રનું મન અને ઈચ્છા તથા શોખ જાણવા ઇચ્છતા હતા.

વયોલિનવાદક નિયમ મુજબ બીજે દિવસે વહેલી પરોઢે ચાર વાગે રીયાઝ કરવા લાગ્યા અને બે કલાક રીયાઝ કર્યા બાદ તેઓ ચાલવા ગયા અને જયારે પાછા આવ્યા ત્યારે દીકરાએ પૂછ્યું, 'પિતાજી, વાયોલીન ક્યારે વગાડશો.વગાડો ને મારે સાંભળવું છે.' વાયોલિનવાદકે કહ્યું, 'કેમ વહેલી પરોઢે તો વગાડ્યું હતું.શું ત્યારે તું સૂતો હતો?' દીકરાએ કહ્યું, 'ના પિતાજી સૂતો ન હતો, હું તો જાગતો હતો.'

'તો પછી વાયોલીન તેં કેમ ન સાંભળ્યું?' પિતાજીએ પૂછ્યું.દીકરો કંઈ ન બોલ્યો.પણ ત્યાં તેની માતા આવી અને બોલી, 'આપણા દીકરાની વહેલી સવાર કાન ફાડી નાખે તેવા જાઝ સંગીતની રેકોર્ડના ઘોંઘાટ સાથે થાય છે.તે ઘોંઘાટભર્યા સંગીત વચ્ચે વાયોલીનના મધુર સીર ક્યાંથી સંભળાય? કેમ બેટા કહે, તારા પિતાને કે મને જાઝ સંગીત બહુ ગમે છે.'

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

દીકરો કંઈ બોલી ન શક્યો. તે ડરી ગયો હતો કે વાયોલિનવાદક પિતા જાઝ સંગીતનું નામ પડતાં જ ગુસ્સે થઈ જશે.પરંતુ પિતા ગુસ્સે ન થયા. બોલ્યા, 'સંગીત સંગીત છે ..પછી વાયોલીનના સૂર હોય કે જાઝના બીટ્સ ...જેને જે ગમે તે સાંભળે અને જે ગમે તે શીખે.' દીકરાને પિતાની વાત ગમી.તે પિતા સાથે જાઝ અને વાયોલીન બન્નેની વાતો કરવા લાગ્યો.પિતા તેની સાથે બધી વાતો કરતાં એક મિત્ર બની ગયા અને તેઓ દીકરા સાથે જાઝ સાંભળતા અને વાયોલીન પણ સંભળાવતા. એક દિવસ પુત્રે સામેથી કહ્યું, 'પિતાજી, મને જાઝ ગમે છે પણ મારે તમારી પાસેથી વાયોલીન શીખવું છે.' પિતાજી ખુશ થયા અને પોતાના પુત્રને વાયોલીન શીખવવા લાગ્યા. પિતાએ ધીરજ રાખી પુત્ર સાથે મિત્રતા કરી, તેના મનને જાણ્યું અને કોઈ જોર જબરદસ્તી કર્યા વિના તેને સંગીતના સૂર શીખવવા માટે પહેલાં તેની સાથે સંવાદ સાધ્યો અને પછી સંગીત શીખવાના પંથે આપોઆપ વાળ્યો અને થોડાં વર્ષોમાં દીકરો સારો વાયોલિનવાદક બની ગયો.

નવા કાયદા હેઠળ પોલીસ વધુ શક્તિશાળી બની રહી છે?

ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

1 જુલાઈથી ત્રણ નવા ફોજદારી કાયદા અમલમાં આવ્યા છે. ભારતીય ન્યાયસંહિતા (બીએનએસ), ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બીએનએસએસ) અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ (બીએસએ) ભારતીય દંડ સંહિતા (આઈપીસી), 1860, ક્રિમિનલ પ્રોસિજર કોડ (સીઆરપીસી), 1973 અને ભારતીય પુરાવા અધિનિયમ, અનુક્રમે 1872ની જગ્યા લેશે.

દરેક વ્યક્તિ સહમત છે કે, ભારતના ફોજદારી કાયદાઓને અપડેટ કરવાની જરૂર છે.

તે જ સમયે, કાયદાનો મુસદ્દો તૈયાર કરવા સંસદમાં તેમના ઉતાવળમાં પસાર થવાથી ઘણી પરેશાની ઊભી થઈ છે.

કેટલાક કાનૂની નિષ્ણાતો માને છે કે નવા કાયદામાં નોંધપાત્ર ફેરફારો થયા હોવા છતાં તેઓ હાલના કાયદાને 'ઓવરહેલ' કરતા નથી.

આઝાદી બાદથી, વસાહતી-યુગના આઈપીસી (જે ફોજદારી કાયદાનો સાર પ્રદાન કરે છે), સીઆરપીસી (જે કાયદાના અમલીકરણ માટેની પ્રક્રિયા પૂરી પાડે છે) અને એવિડન્સ એક્ટમાં અનેક સુધારાઓ જોવા મળ્યા છે. જો કે, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું તેમ સંસદમાં નવા કાયદાઓ એવા કાયદાઓનું પ્રતિનિધિત્વ કરે છે જે ભારતીયો દ્વારા ભારતીયો માટે ઘડવામાં આવ્યા હતા.

ચાલો જોઈએ કે નવા કેન્દ્રીય કાયદામાં શું બદલાવ આવશે.

1. બીએનએસ મુઠ્ઠીભર નવા ગુનાઓ રજૂ કરે છે. તેમની વચ્ચે નોંધપાત્ર કલમ 69 છે, જે 'છેતરપિંડીપૂર્ણ માધ્યમો'ના ઉપયોગથી જાતીય સંભોગને દંડ આપે છે. સગીર પત્ની સાથે શારીરિક સંબંધ બળાત્કારના દાયરામાં લાવવામાં આવ્યો છે. આઈપીસીએ વૈવાહિક બળાત્કાર માટે માત્ર એક જ અપવાદ દર્શાવ્યો હતો - 15 વર્ષથી ઓછી ઉમરની પત્ની સાથે સંભોગ. 2017માં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, આ 15 વર્ષની મર્યાદા પોક્સો એક્ટ હેઠળ બાળ બળાત્કારના કાયદા સાથે વિરોધાભાસી છે. નવો કાયદો આઈપીસી હેઠળ 15-18 વર્ષની પરિણીત છોકરીઓ જે ગ્રે એરિયામાં આવે છે તેને સંબોધિત કરે છે. 'છેતરપિંડીના અર્થમાં નોકરી, પ્રમોશન, પ્રલોભન અથવા ઓળખ છૂપાવીને લગ્ન કરવાના ખોટા વચનનો સમાવેશ થાય છે. કેટલાક વિવેચકો કહે છે કે, આ કેટલાક કિસ્સાઓમાં સહમતિથી બનાવેલા સંબંધોને અપરાધ માનવામાં આવી શકે છે અને 'લવ જેહાદ' વાર્તાને પ્રોત્સાહન મળશે.

બીએનએસ, કલમ 103 હેઠળ, પ્રથમ વખત વંશ, જાતિ અથવા સમુદાયના આધારે હત્યાને અલગ ગુના તરીકે પણ માન્યતા આપે છે. સુપ્રીમ કોર્ટે 2018માં કેન્દ્રને લિંચિંગ માટે અલગ કાયદા પર વિચાર કરવાનો નિર્દેશ આપ્યો હતો. નવી જોગવાઈ હવે સુનિશ્ચિત કરી શકશે કે તાજેતરમાં વધી રહેલા આવા ગુનાઓને કાનૂની માન્યતા મળે.

2. બીએનએસમાં બીજો મોટો ઉમેરો એ છે કે સંગઠિત અપરાધ અને આતંક જેવા ગુનાઓનો સમાવેશ કરે છે. અગાઉ આતંકવાદ માટે ગેરકાનૂની પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ જેવા ચોક્કસ કડક કાયદાઓ અને સંગઠિત અપરાધ માટે મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ જેવા રાજ્ય-વિશિષ્ટ કાયદાના દાયરામાં છે. આતંકવાદ પર, બીએનએસ યુએપીએ પાસેથી મોટા ભાગે ઉધાર લે છે. કલમ 111(1) અનુસાર, સંગઠિત અપરાધમાં 'અપહરણ, લૂંટ, વાહનચોરી, ખંડણી, જમીન પચાવી લેવી, કોન્ટ્રાક્ટ કિલિંગ, આર્થિક ગુનાઓ, ગંભીર પરિણામો ધરાવતા સાયબર-ગુનાઓ, લોકો, ડ્રગ્સ, ગેરકાયદે માલસામાન સહિતની સેવાઓ અને શસ્ત્રોની તસ્કરી, વેશ્યાવૃત્તિ અથવા ખંડણી માટે માનવ તસ્કરીનું રેકેટ સહિત કોઈ પણ સતત ગેરકાયદેસર પ્રવૃત્તિનો સમાવેશ કરે છે.

3. કાનૂની નિષ્ણાતો ઇચ્છે છે કે 'ગંભીર પરિણામો ધરાવતા સાયબર અપરાધો' જેવા અસ્પષ્ટ વર્ણનોને સંબોધવામાં આવે.

4. કલમ 304 (1)માં વ્યાખ્યાયિત કર્યા મુજબ, સ્નેચિંગ એ પણ ચોરીથી અલગ એક 'નવો' ગુનો છે. વ્યાખ્યામાં લખ્યું છેઃ 'ચોરી કરવા માટે, ગુનેગાર અચાનક અથવા ઝડપથી અથવા બળજબરીથી કોઈ પણ વ્યક્તિ પાસેથી અથવા તેના કબજામાંથી કોઈ પણ જંગમ મિલકતને જપ્ત કરે છે અથવા સુરક્ષિત કરે છે અથવા પડાવી લે છે અથવા છીનવી લે છે'. ચોરી અને સ્નેચિંગ બંનેમાં ત્રણ વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ છે.

5. બીએનએસએસમાં નોંધપાત્ર ફેરફાર એ છે કે સીઆરપીસીમાં 15-દિવસની મર્યાદાથી પોલીસ અટકાયતનો વિસ્તાર કરીને 90 દિવસ સુધી કરવી.

અનિવાર્યપણે પોલીસને બીએનએસમાં સૂચિબદ્ધ તમામ ગુનાઓ માટે કોઈ આરોપીને 90 દિવસ સુધી કસ્ટડીમાં રાખવાની પરવાનગી આપે છે.

6. બીએનએસએસ એ પણ જણાવે છે કે જે કેસમાં સજા સાત વર્ષ કે તેથી વધુ હોય, સરકાર કેસ પાછો ખેંચે તે પહેલાં પીડિતને સાંભળવાની મંજૂરી આપવામાં આવશે.

7. ટીકાકારો દલીલ કરે છે કે, સામાન્ય ફોજદારી કાયદા હેઠળ ગેરહાજરીમાં ટ્રાયલ શરૂ કરવાથી રાજ્યને ટ્રાયલ યોગ્ય રીતે શરૂ થાય તે પહેલાં આરોપીને શોધવાની તેની ફરજથી છૂટ મળે છે.

8. બીએનએસએસ એક કરતાં વધુ ગુનાઓ માટે આરોપી સામે કાયદાકીય જામીન માટેની જોગવાઈને પણ હટાવી દીધી છે. સીઆરપીસી હેઠળ, વૈધાનિક જામીન મળી શકે છે, જો આરોપીએ ગુના માટે મહત્તમ સજાની ઓછામાં ઓછી અડધી સજા ભોગવી લીધી હોય તો. આ સુનિશ્ચિત કરવા માટે હતું કે કેસ કાયમ માટે ન ચાલે અને જ્યારે આવું થાય છે ત્યારે આરોપીને તેના કોઈ દોષ વગર સતત જેલમાં રહેવું ન પડે. આ રીતે દિલ્હી હાઈકોર્ટે ગયા મહિને જેએનયુના વિદ્યાર્થી શરજીલ ઈમામને જામીન આપ્યા હતા.

હકારાત્મક ફેરફારો શું છે?

1. કેટલાક અપરાધો માટે વૈકલ્પિક સજા તરીકે સમુદાય સેવાની રજૂઆત કરવામાં આવી છે. આમાં નાની ચોરી, બદનક્ષી અને કોઈ સરકારી અધિકારીને તેની ફરજ નિભાવતા અટકાવવા માટે આત્મહત્યા કરવાના પ્રયાસનો સમાવેશ થાય છે.

2. ભારતની જેલોમાં બંધ ત્રણ-ચતુર્થાંશ લોકો અન્ડરટ્રાયલ છે. આથી સજા તરીકે સામુદાયિક સેવા પ્રથમ વખતના દોષિત જાહેર કરાયેલાં લોકોને અને નાના ગુના માટે દોષિત ઠરેલા લોકોને જેલની બહાર રાખે છે.

3. બીએનએસ સમુદાય સેવાને વ્યાખ્યાયિત કરતું નથી, તેને ન્યાયાધીશોની વિવેકબુદ્ધિ પર છોડી દે છે.

4. મોબ લિંચિંગ માટેના ગુનાઓનો સમાવેશ નિર્ણાયક છે અને આવા અપ્રિય ગુનાઓની કાયદાકીય સ્વીકૃતિનો સંકેત આપે છે.

5. વીડિયો કોન્ફરન્સિંગ ટ્રાયલ્સ પર ભાર અને ઝડપી ટ્રાયલ માટે સમયરેખાના પ્રિસ્ક્રિપ્શનથી ન્યાયની ડિલિવરીમાં સુધારો થવો જોઈએ, પરંતુ તેમની સફળતા જમીન પર અમલીકરણ પર નિર્ભર રહેશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

પર્યાવરણ બચાવી લેવા દેહદાન અથવા મૃત શરીરનું વૃક્ષદાન સ્વીકારીએ

અવારનવાર

ડો.નાનક ભટ્ટ

વરાહ પુરાણમાં મુનિઓને વિચરતાં વૃક્ષો કહ્યા છે અને વૃક્ષોને સ્થિર ઊભેલા મુનિ તરીકે જાણ્યાં છે :- "રોપતિ વૃક્ષાત્ ચાતિ પરમાં તિન્ " તેમ કહી ઋષિએ કહ્યું છે કે જે મનુષ્ય સર્વ પ્રાણીઓના ભોગ માટે વૃક્ષો રોપે છે, તે પરમ ગતિને પામે છે. 'રોપયિત્વા સશાખાંસ્તુ નરઃ ન નર વ્રજતે " કહી ઋષિ તેના શિષ્યને કહે છે કે જે મનુષ્ય શાખા અને ઉપશાખાવાળાં વૃક્ષો રોપે છે, તે નરકમાં જતો નથી. અગ્નિ પુરાણની ઋચામાં કહેવાયું છે, "ફૂલ અને ફળથી સુગંધિત વૃક્ષો જે મનુષ્ય રોપે છે તે જ્ઞાની પુરુષ સમૃદ્ધ દેશમાં ઉત્તમ ગૃહમાં નિવાસ કરીને મનોવાંછિત વરદાન પ્રાપ્ત કરે છે." "તે પુત્રાઃ ઘમતોમૃતાઃ" જગદ્ગુરુ શ્રીકૃષ્ણે વૃક્ષોને ધર્મ પ્રમાણેના પુત્રો ગણ્યાં છે.

છતાં આજે એક સશક્ત વ્યક્તિનું મૃત્યુ થાય છે ત્યારે તેના અગ્નિદાહ પાછળ આઠ મણ એટલે કે ૧૬૦ કિલો લાકડું રાખ કરી દેવામાં આવે છે. ત્રણથી આઠ ઇંચ જાડાઈ ધરાવતાં ગોરસ, આંબલી, પીપર, કેશિયો, બાવળ, સાજડ જેવાં પાંચ જલાઉ વૃક્ષોને સ્મશાન માટે ઉતારવામાં આવે છે ત્યારે પોતાના પ્રાણ ધરી દેનાર વૃક્ષો તો તેમના ધર્મ અનુસાર મૃતાત્માને અગ્નિસંસ્કાર આપી પંચમહાભૂતમાં વિલીન કરે છે, પરંતુ લૌકિક કરનાર ઉત્તરાધિકારી "વૃક્ષોમાં હું પીપળો છું" તેમ કહી વૃક્ષોમાં પોતાનું ઐશ્વર્ય બક્ષનાર ભગવાન શ્રીકૃષ્ણના ગુનેગાર બની ઘેર પાછા ફરે છે.

કુરાને-શરીફ વૃક્ષને અલ્લાહતાલાનો ઝિક્ર કરતી મખલુક ગણે છે. આથી જ મુસલમાન ભાઈ જન્નતનશીન થાય છે ત્યારે તેને વૃક્ષની છાયામાં જમીન નીચે પાંચ-સાત ફૂટ ઊંડે મસ્જિદમાંથી મૌલવીએ આપેલ ખુશબૂ સાથે દફનાવવામાં આવે છે અને દફન સમયે તમામ ત્રણ ત્રણ મુઠ્ઠી માટી નાંખી અરબીમાં દુઆ પઢે છે : મિન્હા ખલનાકુમ્ વ ફીહા નુઇદ્દુકુમ્ વ મિન્હા નુરિજુકુમ્ તારતમ્ ઉરા" ભાવાર્થ : આ જ માટીમાંથી અમે તમને પેદા કર્યા છે અને આ જ માટીમાં તમને પાછા મોકલીશું અને આખિરતમાં આ જ માટીમાંથી તમને પાછાં ઊભાં કરીશું."

બૌદ્ધ ધર્મમાં પણ પુનર્જન્મનો સ્વીકાર કરાયો છે. કર્મનો સિદ્ધાંત પણ પુનર્જન્મને નકારતો નથી. પરંતુ નવા જન્મ સમયે કોઈ શેતાની તત્ત્વ જીવ સાથે ભળી ન જાય તેથી ડેડબોડીને કૉફિનમાં મીઠા સાથે રાખી જમીનમાં ઉતારી દેતા ખ્રિસ્તીઓ યહોવાહના પુત્ર જિસસ અને પવિત્ર આત્મા જે મૃતાત્માના વિરામને શાંતિ બક્ષે છે તે પિતા, પુત્ર અને પવિત્ર આત્માના નામે શ્રદ્ધાંજલિ આપે છે."પઘરોધજરાય સંતા" કહેનાર મનુસ્મૃતિએ સાધુ-સંતોનાં શરીરને જળસમાધિસ્થ કરવા આજ્ઞા કરી છે અને ગરુડપુરાણમાં નાની વયના શરીર અને કેટલાંક વર્ષોને દાહથી મુક્ત રાખી ષટ્ પિંડ સંસ્કારનું તપર્ણ યથોચિત ગણ્યું છે.

તેમ છતાં હિન્દુસ્તાનમાં રોજ ૧૬૦૦ ટન લાકડું મનુષ્યના દેહવિસર્જન માટે હોમાઈ જાય તે કેવી હિંસા !!! ભારત સરકારના બિનપારંપરિક ઊર્જા વિભાગના વડા ડૉ. એન. એ. માથુરના અભ્યાસલેખ - "ધ ઈકોનોમિક્સ ઓફ એનર્જી પ્લાન્ટેશન'ના પ્રયોગો આધારે જણાવાયું છે કે એક કિલો કેલરી લાકડું બળે છે ત્યારે ૩૭૦૦ કિલો કેલરી ઊર્જા પેદા થાય છે અને માણસના મૃત શરીરને નાશ કરવા ૬૫૦ થી ૭૦૦ ડિગ્રી સેંટીગ્રેડ ઉષ્ણતામાનની જરૂરત રહે છે, તે સ્થિતિએ પહોંચવા ૫,૯૨,૦૦૦ કિલો કેલરી ઊર્જાનો વપરાશ થાય છે. જેથી ૨૪૫ કિલો કાર્બન ઉત્સર્જન પામે છે અને એક સ્માર્ટ ફોન ૨૯૦૦૦ વખત ચાર્જ કરવા જેટલી ઊર્જાનો વ્યય થાય છે. આ ઊર્જાનો સકારાત્મક ઉપયોગ ન થઈ શકે ?

ગુજરાત રાજ્યના એનર્જી ડેવલપમેન્ટ વિભાગના કચ્છ જિલ્લાના અબડાસા ક્ષેત્રના વનીકરણ કાર્યક્રમના પરિણામ આધારે જોવા મળે છે કે એક હેકટરમાં ૧૦૦૦ વૃક્ષ વાવીએ અને તેને પાણી ખાતર સાથે માવજતથી ઉછેરવામાં આવે તો ૫ વર્ષે ૧૦૦ ટન લાકડું મળે છે. આનો અર્થ એ કે રાજકોટ, સુરત, વડોદરા જેવાં મોટાં શહેરોમાં મૃત્યુ પામતા દેહો ચાર દિવસે એક હેકટરનાં વૃક્ષોનું હર્યુંભર્યું જંગલ સાફ કરી નાખે છે !!!

સંત સમા દ્વેષહીન વૃક્ષોને સાચા અર્થમાં તારણહાર કહેનાર ગ્રંથસાહેબે વૃક્ષના વિવેકપૂર્ણ ઉપયોગનું શબ્દકીર્તન કર્યું છે અને વૃક્ષોને ન સાચવનારનું જીવન ઝૂંટવાઈ જશે તેવી ભવિષ્યવાણી ભાખી છે. ભારતીય સંસ્કૃતિની યશોગાથા સમાન સ્કંદપુરાણમાં કહેવાયું છે કે જે કોઈ મનુષ્ય નગર કે વૃક્ષ તોડે છે તે ભુંભણ નામના ભયંકર નર્કમાં પડે છે. પુરાણો કહે છે કે કુળની તથા ધનની વૃદ્ધિ કાયમ રહે એમ ઈચ્છતા હો, તો વૃક્ષો કદાપિ કાપતા નહીં.

ગુજરાતના મુઠ્ઠી ઊંચેરા સેવક રવિશંકર મહારાજ ઘસાઈને ઊજળા થવાની શીખ દેતા. તો ભાગવત કથાકાર ડોંગરેજી મહારાજ ગાતા, "ધૂપસળી સમ સુગંધ દેતાં આયુષ પૂરું કરવું છે." ત્યારે વિચારીએ કે જીવતા જીવ બીજાને ખપમાં અવાયું ન અવાયું, પરંતુ મરતી વેળાએ સંતો જેવાં વૃક્ષોને બાળી હવામાં ૩૦ ટકા કાર્બન ડાયોકસાઇડ, ૨૦ ટકા કાર્બન મોનોક્સાઈડ ઉપરાંત દેહના પ્રદૂષણને શા માટે પર્યાવરણમાં ભેળવીએ છીએ ? એના કરતાં દેહદાન કરીએ અથવા તો મૃત શરીરને જમીનમાં દફનાવી તેના પર એક વૃક્ષ રોપવાનો સંકલ્પ કરાય તો શરીરમાંના નાઈટ્રોજન, હાઇડ્રોજન, મેગ્નેશિયમ, ફોસ્ફરસ અને મિનરલ્સ જમીનમાં ભળશે ને ધરતીમાતા સમૃદ્ધ થશે.

૨૧મી સદીના પ્રારંભે દેશનું પર્યાવરણ નાજુક સ્થિતિમાં મુકાઈ રહ્યું છે અને ઈશ્વરની કરુણારૂપ વર્ષાને ધરતી ઉપર ઉતારનારાં વૃક્ષો ખૂટી રહ્યાં છે, ત્યારે સ્થિતિની ગંભીરતા સમજી વૃક્ષોને કપાતાં અટકાવીએ. અમેરિકા અને યુરોપથી ગ્રીન ડેથ નામની સંસ્થાએ પણ પોતાના સભ્યોને કોફિનમાં સડી જવાના બદલે એક વૃક્ષના પોષક બનવાનું અભિયાન પ્રચલિત કર્યું છે. તેમ બ્રિટન અને આયરલેંડ સહિતના યુરોપિયન દેશોમાં ખાનગી કંપનીઓ દ્વારા વોટર ચેંબરમાં મૃતકને મૂકી એમીનો એસિડથી માંસ અને હાડકાં છુટ્ટાં કરી ૪ કલાકની પ્રોસેસ બાદ એક પ્લાસ્ટિક બેગમાં હાડકાંને પાવડર સ્વરૂપે પરિવારને સોંપવામાં આવે છે. આ પ્રકારે તમામ પર્યાવરણપ્રેમી પોતાના દેહને અંતકાળે વૃક્ષને સમર્પિત કરવા સંકલ્પબદ્ધ થાય તો આપણી ભાવિ પેઢી ગૌરવભેર ગાન કરી કહી શકે, "વૃક્ષોની નિત્ય વૃદ્ધિ કરનાર હે પૃથ્વી તું અતિ શીલવંત છે. પુણ્ય અને દ્રવ્ય દેનારી છે અને સર્વનું પાલન કરનારી છે. આથી હે માતા, તને સદા નમસ્કાર".

મૃતાત્માને પંચ મહાભૂતમાં ભેળવવાનો વિચાર વિશ્વની તમામ સંસ્કૃતિઓએ અપનાવ્યો છે. હિંદુઓ અગ્નિ તત્ત્વમાં શરીરને વિલીન કરે છે, તો મુસ્લિમો અને ખ્રિસ્તીઓ પૃથ્વી તત્ત્વમાં, પારસીઓ અને જરથુસ્ટ્રો આકાશ તત્ત્વમાં મૃત શરીરનો નાશ ઈચ્છે છે. તો તિબેટની બૌદ્ધ પરંપરા શબને પહાડ ઉપરથી ઊંડી ખીણમાં ગબડાવી વાયુ તત્ત્વની સાર્વત્રિક સત્તામાં શરીરને ભેળવી દે છે.

પંચમહાભૂતમાં વિલય પામતા નશ્વર દેહના વિસર્જન માટે પણ વિભિન્ન પદ્ધતિ પ્રચલિત છે. ગુજરાતમાં ભરૂચ પાસે વિલન્દા ગામે ડચ વહાણવટીઓની કબરો મોજૂદ છે. આ જ્યુઈશ યાત્રિકોની કબરોમાં શબને સ્નેહના પ્રતીકરૂપે પવિત્ર દોરાઓથી વીંટી ઊગતા સૂર્યની દિશામાં, તેજોમય ઈશ્વર તરફ પ્રાર્થના અવસ્થામાં ઊભું દફનાવવામાં આવતું. તો મુસ્લિમ બિરાદરો જે માટીમાંથી માનવદેહ બન્યો છે તે પવિત્ર માટી ફરીથી માણસને જન્મ આપશે તેવા આશયથી દેહને જમીનમાં વિશ્રામ સ્થિતિમાં સુવાડે છે.

વિજ્ઞાનના વિકસતા જગતમાં હવે માટીમાં રહેલા સૂક્ષ્મ જીવાણુઓને વધારવા માઈક્રોબ્સ ઉમેરી શકાય છે. એઝેટોબેકટલ રાઈઝોબિયમ નામે બેકટેરિયા માનવશરીરનાં હાડકાંમાં રહેલ ફોસ્ફરસને ૨૮ દિવસમા ડીકંપોઝ (વિઘટન) કરે છે અને વૃક્ષના ઉછેર માટે જરૂરી નાઈટ્રોજન જમીનમાં ઉમેરે છે. એક્ટિનો માઇસેટસ નામે બેકટેરિયા માનવશરીરનું ડીહાઈડ્રેશન કરી માંસ- મજ્જામાં ફંગસ અને પાણી થવા દેતા નથી અને શરીરનાં તત્ત્વોને બંધનમુક્ત કરી અણુમાં વિખેરી નાખે છે. મૃત શરીર અગ્નિદાહ પછી રાખ સ્વરૂપે કણ કણમાં વિખેરાઈ જાય છે. તેવી જ આ ઘટના શાંત સ્વરૂપે જમીનમાં ઘટે છે અને ચિર શાંત સ્વરૂપે માનવશરીર ફરી વૃક્ષ બની નવું જીવન મેળવી શકે છે.

પવિત્ર માટીના સહારે માટી બની વૃક્ષ થઈ પુનઃ પ્રકૃતિ વચ્ચે ઋષિતુલ્ય જીવન જીવવાનો મોકો આજના વિજ્ઞાને આપ્યો છે, જેને વધાવી લઈશું તો આપણી ભાવિ પેઢી ગૌરવભેર ગાન કરી શકશે, "વૃક્ષોની નિત્ય વૃદ્ધિ કરનાર હે પૃથ્વી, તું અતિ શીલવતી છે. પુણ્ય અને દ્રવ્ય દેનારી છે. સર્વનું પાલન કરનારી છે. આથી હે માતા, તને સદા નમસ્કાર".

ગુજરાતના યુવાનો, પ્રૌઢો અને વૃદ્ધો એક વૃક્ષ માટે એક શરીર સોંપવાના વસિયતનામાથી સુજ્લામ સુફ્લામ મલયજ શીતલામનું સ્વપ્ન સાકાર કરે. માનવજાતને પ્રાણવાયુ આપનાર વૃક્ષો હવે ખૂટયાં છે. કોવિડ મહામારીએ દુનિયાને ઓક્સિજનની કિંમત સમજાવી છે અને પ્રદૂષણથી ભરેલા શહેરમાં ઓક્સિજન બાર ખૂલી રહ્યા છે, ત્યારે શહેરો ને ગામડાંઓમાં સ્થાપાયેલ પર્યાવરણ મંડળોના ઉપક્રમે સ્મૃતિવન તૈયાર થાય. સ્મૃતિવનમાં સ્વર્ગસ્થ દેહોને દફનાવી તેના પર પવિત્ર વૃક્ષ